## (1) અટલ પેન્શન યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાનું નિયમન PFRDA દ્વારા કરવામાં આવે છે.

(2) માત્ર 18થી 40 વર્ષના વ્યક્તિઓ આ યોજનામાં જોડાય શકે છે.

(3) 65 વર્ષ બાદ વ્યક્તિને 1000થી 5000 રૂપિયાનું પેન્શન મળે છે.

(4) પેન્શનરના મૃત્યુ બાદ તેના જીવનસાથીને સંપૂર્ણ પેન્શન મળવાપાત્ર છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ અટલ પેન્શન યોજનાને 5 વર્ષ પૂર્ણ થયેલ છે અને આ યોજનાનો 2.2 કરોડ વ્યક્તિએ લાભ લીધેલો છે.

⇛ આ યોજનાનો ઉદ્દેશ સાર્વત્રિક સામાજિક સુરક્ષા પ્રદાન કરવાનો છે, જેમાં ખાસ કરીને ગરીબો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

⇛ ભારતનો કોઈપણ નાગરિક કે જેની ઉંમર 18થી 40 વર્ષની હોય તે આ યોજનાનો લાભ લઈ શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજનાનું નિયમન PFRDA (Pension Fund Regulatory and Development Authority) દ્વારા તેમના NPS પોર્ટલ (નેશનલ પેન્શન સિસ્ટમ) થકી કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના હેઠળ 60 વર્ષની ઉંમર બાદ ગેરેંટી સાથે 1000 થી 5000 સુધીનું પેન્શન મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ લાભાર્થીના વ્યક્તિ બાદ તેના જીવનસાથીને સંપૂર્ણ પેન્શન મળે છે અને બંનેના મૃત્યુબાદ ફંડ નોમિનીને મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ચેમ્પીયન્સ (Champions) પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પોર્ટલ નાણા મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.
(2) અહીં CHAMPIONSનું પૂરું નામ 'Creation and Harmonious Application of Modern Processes' છે.
(3) આ પોર્ટલ નાના અને મધ્યમ કદના એકમોને સહાય કરશે.
(4) આ પોર્ટલ ટેક્નોલોજી યુક્ત કંટ્રોલ રૂમ અને મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ તરીકે કાર્ય કરશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ 12 મે 2020ના રોજ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગના મંત્રાલય (MSME મંત્રાલય) દ્વારા ચેમ્પીયન્સ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પોર્ટલ ટેક્નોલોજી યુક્ત કંટ્રોલ રૂમ અને મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ તરીકે કાર્ય કરશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પોર્ટલ આધુનિક ઈનફોર્મેશન અને કોમ્યુનીકેશન ટુલ્સ દ્વારા સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના એકમોને સહાય કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અહીં, CHAMPIONSનું પૂરું નામ 'Creation and Harmonious Application of Modern Processes' છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પોર્ટલનો હેતુ આ એકમોનું ઉત્પાદન વધારવાનો અને રાષ્ટ્રીય શક્તિને વધારવાનો છે.

⇛ આ પોર્ટલ દ્વારા નાના કદના એકમો મોટા બની શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સ્ટેટ ઓફ ધ વર્લ્ડ્સ નર્સીંગ રિપોર્ટ 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ WHO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

(2) વિશ્વમાં દર 10,000 માણસોએ આશરે 36.9 નર્સ છે.

(3) આફ્રિકા કરતાં અમેરિકામાં નર્સની સંખ્યા 10 ગણી વધારે છે.

(4) ભારતમાં કુલ મેડિકલ સ્ટાફ પૈકી 47% નર્સ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ વર્ષ 2020ને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા નર્સ અને મિડવાઈફના વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

⇛ વિશ્વ આરોગ્ય સંસ્થા, નર્સીંગ નાવ કેમ્પેઈન (Nursing Now Campaign) અને ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સીસ દ્વારા 'સ્ટેટ ઓફ ધ વર્લ્ડ્સ નર્સીંગ' રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ વિશ્વમાં દર 10,000ની વસતીએ 36.9 નર્સ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અમેરિકામાં નર્સનો આ દર 83.4 છે જ્યારે આફ્રિકામાં આ દર માત્ર 8.7 છે. આથી, આફ્રિકા કરતાં અમેરિકામાં નર્સનીસંખ્યા 10 ગણી વધારે છે. (અઆથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં નર્સની સંખ્યા આશરે 15.6 લાખ છે.

⇛ ભારતમાં મેડિકલ સ્ટાફની ટકાવારી નીચે મુજબ છે :

- નર્સ 47%
- ડોક્ટર 23.3%
- ડેન્ટિસ્ટ 5.5%
- ફાર્માસિસ્ટ 24.1%

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'સ્વસ્થવાયુ' વેન્ટિલેટર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ વેન્ટિલેટર નેશનલ એરોસ્પેસ લેબોરેટરી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

(2) આ એક નેગેટીવ પ્રેસર વેન્ટિલેટર છે.

(3) આ વેન્ટિલેટર ખાસ કરીને અતિ ગંભીર કોરોના દર્દીઓ માટે બનાવવામાં આવ્યું છે.

(4) આ સિસ્ટમને NABL દ્વારા સુરક્ષા અને પ્રદર્શનનું સર્ટિફિકેટ મળેલું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ નેશનલ એરોસ્પેસ લેબોરેટરી દ્વારા એક BiPAP વેન્ટિલેટર બનાવવામાં આવ્યું છે, જેનું નામ 'સ્થસ્થવાયું' રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ અહીં, BiPAPનું પૂરું નામ બાયલેવલ પોઝિટિવ એર–વે પ્રેસર છે. જે પોઝિટિવ પ્રેસર વેન્ટિલેટરનો એક પ્રકાર છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ વેન્ટિલેટર મધ્યમ ગંભીરતા ધરાવતાં કોરોના દર્દીઓ માટે આદર્શ છે. ઉપરાંત વેન્ટિલેટરનો ઉપયોગ હંગામી હોસ્પિટલ, મોટા ક્લિનિક કે વોર્ડમાં પણ થઈ શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ વેન્ટિલેટરનો ઉપયોગ સરળ છે અને તેની કિંમત પણ વ્યાજબી છે. ઉપરાંત તેમાં મોટા ભાગના સ્વદેશી ઘટક–ઉપકરણો વાપરવામાં આવ્યા છે.

⇛ આ સિસ્ટમને તેના પ્રદર્શન અને સુરક્ષા માટે NABLનું સર્ટિફિકેટ પણ મળ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ NABLનું પૂરું નામ National Accreditation Board for Testing and Calibration Laboratories છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) પારજાંબલી (UV) કિરણો માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) સૂર્યના પારજાંબલી કિરણોની તરંગલંબાઈ લાંબી હોય છે.
(2) જેમ–જેમ આ કિરણોની તરંગલંબાઈ વધુ તેમ–તેમ તે વધુ નુકશાનકારક હોય છે.
(3) તેની તરંગલંબાઈના આધારે તેના ત્રણ ભાગ UV-A, UV-B અને UV-C પાડવામાં આવે છે.
(4) આ કિરણોથી કેન્સર થઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સૂર્યના પારજાંબલી કિરણોની તરંગલંબાઈ દશ્યમાન પ્રકાશ કરતાં ટૂંકી હોવાથી તેને નરી આંખે જોઈ શકાતા નથી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ UV કિરણોના સંપૂર્ણ સ્પેક્ટ્રમને ત્રણ વિભાગમાં તેની તરંગલંબાઈના આધારે વહેંચવામાં આવ્યા છે. આ ત્રણ વિભાગો UV-A, UV-B અને UV-C છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ જેમ–જેમ તરંગલંબાઈ ટૂંકી તેમ–તેમ તેની નુકશાનકારકતાં વધુ હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે, UV કિરણો દ્વારા શરીરના કોષ નાશ પામે છે. UV કિરણો સમક્ષ વધુ પડતાં સંપર્કથી કેન્સર થઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પરંતુ જેમ UV કિરણોની તરંગલંબાઈ ટૂંકી તેમ તે ચામડી મારફતે ઓછો ઓસરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like | comment | share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT